सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| GJAM120025442023 | કેસ દાખલ તારીખ | ૧૧/૦૯/૨૦૨૩ | | |
| | કેસ નોંધણી તારીખ | ૧૧/૦૯/૨૦૨૩ | | |
| | કેસ ફેસલની તારીખ | ૨૧/૦૮/ ૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિન |
| | | ૨ | ૧૧ | ૧૦ |

## <u>ફોર્મ-એ</u>

**સાવરકુંડલાના એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**(શ્રી કુત્બુદીન નુરમોહમંદ સરવૈયા સાહેબ)ની અદાલતમા, મુ. સાવરકુંડલા**
**ફોજદારી કેસ નં. ૧૮૫૩/૨૦૨૩**
**આંક–૧૭**

(ચુકાદાની તારીખ: ૨૧/૦૮/૨૦૨૬)
(સાવરંુડલા ટાઉન પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૧૯૩૦૫૨૨૦૦૦૪/૨૦૨૦)

**ફરીયાદી:** સરકારશ્રી
**ફરીયાદપક્ષે વિ. એપીપીશ્રી એમ. એસ. સકસેના દવારા.**
**વિરૂધ્ધ**
**આરોપી:** મુન્નાભાઇ શંભુભાઇ સીપરા, ઉ. વ. ૨૪,
ધંધો– મજુરી,
રહે. હાથસણી રોડ, મુ. સાવરકુંડલા, જિ. અમરેલી.
**આરોપી તરફે વિ. વ.શ્રી આર. બી. વીંઝુડા**

## <u>ફોર્મ–બી</u>

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૯/૧/૨૦૨૦ |
| એફ. આઇ. આર.ની વિગત | ૧૯/૧/૨૦૨૦ |
| ચાર્જશીટ રજુ તારીખ | ૧૧/૯/૨૦૨૩ |
| તહોમતનામુ ઘડયા તારીખ | ૦૨/૦૩/૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૬/૦૭/૨૦૨૬ |
| ચુકાદા પર રાખ્યા તારીખ | ૨૧/૮/૨૦૨૬ |
| ચુકાદા તારીખ | ૨૧/૮/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | – |

**–: આરોપીની વિગત:–**

| આરોપી નં. | આરોપીનુ નામ | અટક કર્યા | જામીન પર મુકત | આક્ષેપિત ગુના | છોડી મુકેલ | કરવામાં આવેલ | ફો.કા. સં.ની |
|---|---|---|---|---|---|---|---|

| | | **તારીખ** | **કર્યા તારીખ** | | **છે કે સજા કરેલ છે** | **સજા** | **કલમ– ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયત નો સમયગાળો** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મુન્નાભાઇ શંભુભાઇ સીપરા | ૧૯/૦૧/ ૨૦૨૦ | ૨૦/૧/ ૨૦૨૦ | પ્રોહી એકટની કલમ– ૬૬(૧)(બી), ૬૫(ઇ) | છોડી મુકેલ છે. | – | ૧ દીવસ |

## ફોર્મ–સી

### એ.– ફરીયાદપક્ષ તરફેના મૌખિક પુરાવાઓનુ લીસ્ટઃ–

| **સાહેદ નં.** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ૧ | ૧૦ | આલકુભાઇ બચુભાઇ ખુમાણ | પંચસાહેદ |
| ૨ | ૧૩ | દશરથસિંહ મહિપતસિંહ સરવૈયા | ફરીયાદી |
| ૩ | ૧૫ | કેતનભાઇ દેવજીભાઇ રાઠોડ | ત.ક.અ. |

### બી– ફરીયાદપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનુ લીસ્ટઃ–

| **અનુ. નંબર** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૧૧ | મુદામાલ રીકવરીનુ પંચનામુ |
| ૨ | ૧૪ | ફરીયાદી |
| ૩ | ૧૬ | એફ. એસ. એલ. રીપોર્ટ |

## – : : ચુ કા દો : : –

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, તા. ૧૯/૦૧/૨૦૨૦ ના રોજ આ કામના આરોપી પોતાના કબજામા વગર પાસ પરમીટે ગે. કા. રીતે દેશી દારૂ લીટર–૪૫ કિં. રૂા. ૯૦૦/–ના પ્રોહી મુદામાલ સાથે પકડાઇ જઇ ગુનો કરેલ. જેથી આરોપી વિરૂધ્ધ **સાવરકુંડલા ટાઉન પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૧૯૩૦૫૨૨૦૦૦૪૪/૨૦૨૦, પ્રોહી એકટની કલમ–૬૬ (૧)(બી), ૬૫(ઇ)** મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ.

**(૨)** ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ આ ગુનાના કામે તપાસ કરતા, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા, તેમના વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરેલ અને ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીને સમન્સ કાઢતા

આરોપી હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે આપવામાં આવેલી. ત્યારબાદ **આંક–૭** થી તહોમતનામુ ફરમાવી, આરોપીની **આંક–૦૮** થી પ્લી નોંધતા, તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.

(૩) ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમા ઉપરોકત **ફોર્મ:સી** માં ફરીયાદપક્ષના સાક્ષીઓની યાદીમા જણાવ્યા મુજબના સાહેદોનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે. તેમજ ફરીયાદપક્ષના આંકે પાડેલ દસ્તાવેજોની યાદીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ સદર કામે આરોપીનુ **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ– ૩૧૩** હેઠળ વિશેષ નિવેદન લેવા લાયક પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી.

(૫) ફરીયાદપક્ષ તરફે વિ. એપીપીશ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે ફરિયાદીની ફરિયાદ, હકીકત તથા રેકર્ડ પરના તમામ પુરાવાઓને ધ્યાને રાખી આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો જણાતો હોય આરોપીને કાયદામાં પ્રસ્થાપિત જોગવાઈ મુજબ સજા તથા દંડ કરવા રજૂઆત કરી છે. જ્યારે બચાવ પક્ષ તરફના વિદ્વાન વકીલશ્રીએ દલીલ કરતાં રજૂઆત કરી છે કે આ કામે ફરિયાદીની ફરિયાદ, હકીકત તથા સોગંદ પરના પુરાવામાં પ્રથમ દ્રષ્ટિએ વિરોધાભાસ જણાતો હોય તેમજ અન્ય મૌખિક તથા દસ્તાવેજી પુરાવામાં પણ વિરોધાભાસી હકીકતો રેકોર્ડ ઉપર આવેલ હોય, જેથી ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરી શકેલ નથી. તેથી આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજૂઆત કરી છે.

(૬) ઉપરોકત હકીકતે તથા પડેલ પુરાવો લક્ષમાં લેતા આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**– :: મુ દા ઓ ::–**

૧) શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર રહીને એ હકીકત પુરવાર કરે છે કે, તા. ૧૯/૦૧/૨૦૨૦ ના રોજ આ કામના આરોપી પોતાના કબજામા વગર પાસ પરમીટે ગે. કા. રીતે દેશી દારૂ લીટર–૪૫ કિં. રૂા. ૯૦૦/–ના

પ્રોહી મુદામાલ સાથે પકડાઇ જઇ **પ્રોહી એકટની કલમ-૬૬ (૧)(બી), ૬૫(ઇ)** મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે?

**૨)** શુ હુકમ?

**(૬.૧)** ઉપરોકત મુદ્દાઓ અંગેના આ અદાલતના નિર્ણયો અને તેના કારણો નીચે મુજબના છે.

**૧)** નકારમાં.

**૨)** આખરી હુકમ મુજબ.

**-::કા ર ણો::-**

**<u>મુદા નં. ૧ ની ચર્ચા:-</u>**

**(૭)** આપણી ફોજદારી ન્યાય વિતરણ પધ્ધતિ મુજબક આરોપી સામે આક્ષેપાયેલા ગુનાઓ યોગ્ય પુરાવો રજુ કરીને નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી પ્રોસીકયુશન પક્ષની થાય છે. આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી.

**(૮)** આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ સાહેદોની જુબાની રેકર્ડ પર હોય, પુનરાવર્તન ટાળવા તેમની જુબાનીઓનુ આબેહુમ વર્ણન અત્રે કરેલ નથી, પરંતુ યથાયોગ્ય જગ્યાએ તેના મૂલ્યાંકનની ચર્ચા કરેલ છે.

**(૯)** આ કામે ફરીયાદી દશરથસિંહ મહિપતસિંહ સરવૈયાને આંક-૧૩ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સરતપાસમાં ફરીયાદ મુજબની હકીકત જણાવી, આ કામના બનાવની ફરીયાદ આપેલાની હકીકત જણાવી, ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવી, સદર ફરીયાદની ખરી નકલને **આંક-૧૪** થી રજુ કરેલ છે. જ્યારે બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો, બનાવવાળી જગ્યા તે જાહેર રોડ હોવાની તથા માણસોની સતત અવર જવર ચાલુ હોવાની વિગેરે હકીક્તો સ્વીકારનુ સ્વરૂપમા બહાર આવેલ છે.

**(૯.૧)** આ કામે ત.ક.અ. કેતનભાઇ દેવજીભાઇ રાઠોડને આંક-૧૫ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સરતપાસમાં ફરીયાદ મુજબની હકીકત જણાવી, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ રજુ

કરેલાની હકીકત જણાવેલ છે. જ્યારે બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો, બનાવવાળી જગ્યા તે જાહેર રોડ હોવાની તથા માણસોની સતત અવર જવર ચાલુ હોવાની તથા આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ હોવાની વિગેરે હકીક્તો સ્વીકારનુ સ્વરૂપમા બહાર આવેલ છે.

**(૧૦)** વિશેષમા આ કામનો મુદામાલ કબજે કર્યાનુ પંચનામુ આંક–૧૧ થી રજુ થયેલ છે. આ પંચનામાના પંચ સાહેદ આલકુભાઈ બચુભાઈ ખુમાણને આંક–૧૦ થી તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદે તેમના પુરાવા દરમ્યાન ઉપરોકત પંચનામામાં તેમની માત્ર સહી ઓળખી બતાવવા સિવાય સદર પંચનામાની હકી કતને લેશમાત્ર સમર્થન કરતા નથી.

**(૧૧)** આમ, આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, ઉપરોકત ફરીયાદ મુજબ સમગ્ર કાર્યવાહી પંચોની હાજરીમાં કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. પરંતુ ફરીયાદમાં બંન્ને પંચોનાં પુરા નામ–સરનામાં જણાવેલ નથી. વધુમાં મુદામાલ કબજે કર્યાના પંચ સાહેદે પણ મુદામાલ રીકવરી પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા નથી. વિશેષમાં, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોય ત્યાં થી ઈઝીલી અન્ય સ્વતંત્ર સાહેદ મળી શકે તેમ હોવા છતાં, ફરિયાદપક્ષે પોલીસ સાહેદ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદન લીધેલ નથી. આમ, રેકર્ડ પર પડેલ તમામ પુરાવાને ધ્યાને લેતાં આ કામે આરોપી સામે આક્ષેપિત ગુન્હો પુરવાર થઈ શકેલ નથી અને તેથી વિરુધ્ધનું તહોમતનામુ પુરવાર થઈ શકેલ નથી અને બનાવ બનવા બાબતે વ્યાજબી શંકા ઉપજેલી છે અને **નામદાર સર્વોચ્ચ અદાલતે જગાસિંઘ વિ. પંજાબ એ.આઈ.આર ૧૯૯૫ સુ. કો. ૧૩૫** ના ચુકાદામાં ઠરાવ્યા અનુસાર શંકા આખરે એ શંકા છે ગમે તેટલી દ્રઢ હોય તો પણ સાબિતીનું સ્થાન લઈ શકે નહીં, અને તેથી હાથ ઉપરના કેસમાં પણ આરોપીઓની ગુન્હાહિત આક્ષેપોમાં સંડોવણી હોવા બાબતે એક સામાન્ય ડાહયા માણસને ઉપજે તેવી વ્યાજબી શંકા ઉપજેલી છે તેથી ભારતીય પ્રણાલી અનુસાર વ્યાજબી શંકાનો લાભ આરોપીને આપવો ન્યાયોચિત જણાય છે.

**(૧૨)** ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધના

આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેમજ ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાઓથી આરોપીને આક્ષેપિત ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય ઉપસ્થિત મુદા નં. ૧ તથા ૨ નો જવાબ નકારમાં ઠરાવી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ :: –**

(૧) આ કામના આરોપી મુન્નાભાઈ શંભુભાઈ સીપરા, ઉ. વ. ૨૪, ધંધો– મજુરી, રહે. હાથસણી રોડ, મુ. સાવરકુંડલા, જિ. અમરેલીનાઓને **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે પ્રોહી એકટની કલમ–૬૬ (૧)(બી), ૬૫(ઈ)** મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રોહી મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૩) **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ– ૪૩૭(એ)** ની જોગવાઈ મુજબ સુચિત અપીલ માટે અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે આરોપીએ રૂા. ૫૦૦૦/–(અંકે રૂપીયા પાંચ હજાર પુરા) રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા**. ૨૧ મી**, માહે–**ઓગષ્ટ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
KUTBUDDIN NOORMOHAMMED SARVAIYA
Reason: JUDGMENT
at Addi.Chief Judi. Magistrate, Savarkundla
on 21/08/2026 18:10:50 IST.

સ્થળ: સાવરકુંડલા (કુત્બુદીન નુરમોહંમદ સરવૈયા)
તા. ૨૧/૦૮/૨૦૨૬ એડી. ચીફ જયુડી. મેજી. સાવરકુંડલા
***CODE No. GJ****– 00966*